મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૦ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં ઠેર ઠેર મિઠાઈ-ફરસાણના મંડપ બંધાયા

ગાંધીનગર, તા.૧૬

પાવન દિપાવલી પર્વને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે, ત્યારે શહેરના બજારોમાં દિવાળીનો અનોખો માહોલ જામ્યો છે. શહેરના બજારમાં માનવ મહેરામણ જોવા મળી રહ્યો છે. દિવાળીના દિવસોનો પ્રારંભ થઈ ગયો હોવાથી રહી રહીને ખરીદી માટે નગરજનો નીકળ્યા હોવાથી બજારના માર્ગો પર ટ્રાફીકજામના દેશ્યો સર્જાય છે. ત્યારે વેપારીઓએ પણ દિવાળીના સ્ટોકને પગલે દુકાન નાની પડતા આગળ મંડપ બાંધી વેપાર શરુ કર્યો છે. જેમાં ફરસાણ, મીઠાઈ અને બેકરી આઈટમ ખરીદી માટે ભારે ભીડ જોવા મળે છે. ત્યારે શહેરના સેકટર-૨૧,૨૨,૨૪ અને ૭ સહિતના બજારો રાત્રી મોડે સુધી ધમધમી રહ્યા છે.

ગાંધીનગર શહેરના બજારોમાં ફરસાણ, મીઠાઈ, અને બેકરી આઈટમના વેપારીઓએ દુકાન આગળ મંડપ બાંધી વેપાર શરુ કરી દીધો છે. દિવાળીના દિવસોમાં દુકાન નાની પડે છે. દિવાળીના દિવસોમાં ભારે ઘરાકી રહેતા ગ્રાહકને તકલીફ ન પડે અને સરળતાથી માંગે તે ચીજવસ્તુ મળી રહે તે માટે આગવુ આયોજન કરવામાં આવે છે. શહેરના બજારમાં બેકરી આઈટમમાં નાનખટ્ટાઈ રૂ.૨૮૦ કિલોના ભાવે વેચાણ થાય છે. જયારે ડ્રાયફ્રુટ બિસ્કીટના કિલોના ભાવ રૂ.૩૬૦ છે. જયારે માવાની મીઠાઈના કિલોના ભાવ રૂ.૪૮૦ તેમજ કાજુકતરી અને અન્ય ડ્રાયફ્રુટની મીઠાઈના કિલોના ભાવ રૂ.૯૨૦ થી ૯૮૦ની આસપાસ છે. તેવીજ રીતે ફરસાણમાં પણ વિવિધ નમકીનના કિલોનો ભાવ રૂ.૧૮૦ છે, જયારે ગાંઠીયા અને અન્ય ફરસાણનો ભાવ ૨૦૦ ની આસપાસ રહેવા પામ્યો છે. દિવાળીમાં આજથી ઘરાકી ખુલી હોવાનું વેપારીમિત્રો જણાવી રહ્યા છે.ત્યારે તેઓનુ માનવુ છે કે દિવાળી સુધી બજારમાં વિવિધ ખરીદી માટે નગરજનો આવતા હોવાથી ભારે ભીડને પગલે દુકાનો આગળ મંડપ બાંધતા સાનુકુળ રહે છે. જેથી ગ્રાહકોને જે જોઈએ તે મળી રહે અને દુકાનમાં ભારે ભીડ પણ થતી નથી.જેથી શહેરના બજારોમાં અત્યારે હાલ મંડપ બાંધી વેપાર કરતા વેપારીઓ નજરે પડશે.

ડભોડીયા હનુમાન મંદિરે આજથી લોકમેળો

ચિલોડા, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના સુપ્રસિદ્ધ ચમત્કારિક અને ૧૦,૦૦૦ વર્ષથી પણ વધુ પૌરાણિક એવા શ્રદ્ધાના ધામ સમા શ્રી ડભોડિયા હનુમાનજી દાદાના મંદિરે ડભોડા ખાતે ધનતેરસ-કાળીચૌદશના મેળાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. આ લોકમેળો તા. ૧૭મી રોજ મંગળવારના રોજ રાત્રે ૧૦ વાગ્યાથી શરૂ થશે. જે બીજા દિવસે તા. ૧૮મીને બુધવારના રોજ કાળીચૌદશને રાત્રે ૧૨ વાગે પૂર્ણ થશે. મંગળવારે રાત્રે ૧૨ વાગે ધનતેરસે મહાવીરની મહાઆરતી શરૂ થશે. આ આરતીનો લ્હાવો લેવા માટે ગુજરાતના દરેક

વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તજનો રાત્રે ઉમટી પડશે. આ વર્ષે પાંચ લાખ દર્શનાર્થીઓ આરતીમાં તથા મેળાનો લાભ લે તેવી શક્યતાઓ છે.

ધનતેરસ-કાળીચૌદશ આ લોકમેળાની તડામાર તૈયારીઓ વચ્ચે આખા મંદિર પરિસરને રોશનીથી ઝગમગાટ શણગારવામાં આવ્યું છે. સ્વયંસેવકોની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવી છે. દર્શનાર્થીઓની કોઈ નાની-મોટી મુશ્કેલીઓમાં મંદિરમાં કંન્ટ્રોલરૂમની વ્યવસ્થા કરાઈ છે. વ્યવસ્થાના પાલન માટે માઈકમાં સતત એનાઉન્સરની વ્યવસ્થા કરાઈ છે. આ ઉપરાંત બુંદીના પ્રસાદ માટે તથા કાળી ચૌદશની રાત્રે સિદ્ધ કરેલા દોરા-તાવિજ માટેની અલગ વ્યવસ્થા મંદિરના ટ્રસ્ટી મંડળ દ્વારા કરવામાં આવી છે. દર વર્ષની પરંપરા મુજબ ૫ હજાર કિલો તેલનો અભિષેક ભક્તો દ્વારા કરવામાં આવશે. આ વર્ષે ડભોડા સ્ટેશનનું નવિનીકરણનું કામગીરી ચાલુ હોવાથી ટ્રેનો બંધ છે. ત્યારે અમદાવાદના ભક્તો મોટા પ્રમાણમાં એએમટીએસ બસ સેવાનો લાભ લે તેવુ લાગી રહ્યું છે. ડભોડિયા હનુમાન મંદિર ખાતે કાળી ચૌદશ તથા હનુમાન જયંતિના મેળા ઉપરાંત વર્ષ દરમ્યાન શનિવાર તથા મંગળવારે લાખો ભક્તો અવિરતપણે દાદાના દર્શન કરીને મનોકામના પૂર્ણ થતાં ધન્યતા અનુભવી રહ્યા છે. જિલ્લા સહિત રાજ્યભરમાં ડભોડીયા હનુમાનદાદાનું મંદિર ભક્તોમાં આસ્થાનું પ્રતિક છે.

પેજ પ્રમુખ સંમેલનને પગલે ભાટ પાસે કલાકો સુધી ટ્રાફીક જામ

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર - અમદાવાદ માર્ગ પર ભાટ ગામે આજે પેજ પ્રમુખ સંમેલન યોજાયું હતું. જેમાં રાજયભરમાંથી લાખો પેજ પ્રમુખો ઉપસ્થિત

રહ્યા હતા. આ પેજ પ્રમુખોને માર્ગદર્શન આપવા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિતભાઈ શાહ સહિત અનેક મહાનુભાવો હાજર રહ્યા હતા. ત્યારે સવારથી જ રાજયભરમાંથી ભાટ ગામે આયોજીત પેજ પ્રમુખ સંમેલનમાં કાર્યકરો આવવાની શરૂઆત થઈ ગઈ હતી. જેથી બપોર બાદ ઈન્દીરાબ્રીજથી ગાંધીનગરના માર્ગો પર ટ્રાફીક જામના દેશ્યો સર્જાયા હતા. કલાકો સુધી વાહનોમાં બેસીને નાગરીકોને સમય પસાર કરવાની ફરજ પડી હતી. ત્યારે પેજ પ્રમુખ સંમેલન સાંજે પુર્ણ થઈ ગયા બાદ તો આ માર્ગ પર હાલત કફોડી થઈ ગઈ હતી. લાખો પેજ પ્રમુખો એક સાથે પોતાની ગાડીઓ લઈને નીકળ્યા હોવાથી માર્ગ પર બે બે કિલોમીટર સુધી ગાડીઓના ખડકલા દેખાયા હતા. તો પોલીસ તંત્રને પણ ટ્રાફીક હળવો કરવામાં પગે પાણી ઉતર્યા હતા.

જયારે અગત્યના કામે નીકળેલા સામાન્ય નાગરીક આ ભીડ અને ટ્રાફીકમાં અટવાતા રોષે ભરાયા હતા.જયારે કેટલાક યુવાનોએ ટ્રાફીકજામમાં ફસાયા છતા સેલ્ફી પાડીને મિત્રોને મોકલી હતી.જયારે ભાટ પાસે ફસાયેલા વાહન ચાલકોનું કહેવું હતું કે આ ટ્રાફીકમાંથી નીકળતા અને વાહન વ્યવહાર સામાન્ય થતા કલાકો નીકળી જાય તેવી સ્થિતિ ઉભી થવા પામી હતી. દિવાળીના તહેવારના દિવસો અને દરેકને ઘરે વહેલા જવાની ઉતાવળ છતા અટવાયેલા નાગરીકો અહીં જ વાઘબારસ થઈ ગઈ તેવી મજાક કરતા પણ જોવા મળ્યા હતા.

કેર ફાઉન્ડેશન દ્વારા વંચિતોને મીઠાઈ વિતરણ

ગાંધીનગર, તા.૧૬

કેર ફાઉન્ડેશન દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ દિવાળી અને બેસતા વર્ષ નિમિત્તે ગરીબો અને ઝુંપડાવાસીઓને મિઠાઈનું વિતરણ કરવામાં આવશે. ૧૮મી ઓકટોબરના રોજ સવારે ૬.૩૦ કલાકે સેકટર-૧ના તળાવના કિનારે મિઠાઈનું વિતરણ કરાશે.

જલારામ ધામ ખાતે સ્નેહમિલન અને જલારામ જયંતિ ઉજવાશે

ગાંધીનગર, તા.૧૬

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા સ્નેહમિલન સમારોહ તથા પૂ.બાપાની ૨૧૮મી જન્મજયંતિની ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે.

શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખ જીતેન્દ્રકુમાર સોજાણીની અખબારી યાદીમાં જણાવ્યા મુજબ આગામી તા.૨૦મી ઓકટોબરના રોજ સવારે ૯ થી ૧૧ દરમિયાન સ્નેહ મિલન સમારંભ યોજાશે. જયારે આગામી તા. ૨૭મી ઓકટોબરના રોજ પૂ. જલારામ બાપાની ૨૧૮મી જન્મ જયંતિ ઉજવાશે. આ કાર્યક્રમ અંતર્ગત સવારે ૬.૩૦ વાગ્યાથી અખંડ ધૂન યોજાશે. જયારે સવારે ૮ વાગે શોભાયાત્રા નીકળશે જે સે-૨૯થી નીકળીને શ્રી ભોજલરામ મંદિર, સે-૭ ખાતે પહોંચશે. અન્નકૂટ દર્શન સાંજે ૪ થી રાત્રે ૯ સુધી અને મહાઆરતી સાંજે ૬.૪૫ વાગે યોજાશે. જયારે વીરપુર જતાં પદયાત્રીઓનો અભિવાદન સાંજે ૭.૦૦ કલાકે યોજાશે.

ડેમોક્રેટિક પીપલ્સ એસોસીએશન દ્વારા તંત્ર સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા.૧૬

ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાત ગાંધીનગરની કારોબારી સમિતિ સંસ્થાના પ્રમુખ ભાનુકાન્ત પી. પરમારના અધ્યક્ષસ્થાને તાજેતરમાં મળી હતી. બેઠકના પ્રારંભે શરૂઆતમાં કાર્લમાર્કસના માર્કસવાદના મૂળ તત્ત્વોનું વાંચન અને ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ તાજેતરમાં ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં ગરબા જોવા અને મુંછ રાખવા જેવી સામાન્ય કારણોસર દલિતનું ખૂન અને અત્યાચાર અંગે ગુજરાત રાજય માનવહક્ક આયોગ તથા ગુજરાત રાજયના ગૃહમંત્રીને રજૂઆત કરવામાં આવી હતી અને ગુનેગારોને કાયદા અનુસાર સખત સજા કરવાની માંગણી કરવામાં આવી હતી. સફાઈ કામદારોના પ્રશ્નો અંગે એસોસિએશને સરકારમાં રજૂઆત કરી હતી તે પૈકી કેટલાક પ્રશ્નો શહેરી વિકાસ મંત્રીએ સ્વીકાર્યા છે. બાકીના પ્રશ્નો પણ તાત્કાલીક સ્વીકારે તેવી આશા વ્યકત કરી ત્યારબાદ એસોસિએશનના સ્નેહમિલન સમારંભ અને સભ્યોના પ્રવાસનું આયોજન કરવાની વિચારણા કરી હતી. સમગ્ર બેઠકની કાર્યવાહીનું સંચાલન મહામંત્રી વિરચંદભાઈ પરમારે કર્યું હતું.

ગાંધીનગરમાં વરસાદી મોસમ પૂર્ણ થયે સમય થયો છતાં શહેરમાં ઠેર ઠેર ઉગી નીકળેલા ઘાસ કાઢવાની તસ્દી તંત્ર દ્વારા લેવાઈ નથી. પરંતુ સેકટર-૬ ઈન્ક્વાયરી (સુવિધાકેન્દ્ર) દ્વારા સુવિધાકેન્દ્ર કચેરી અને આસપાસના વિસ્તારોમાંથી નકામા ઝાડી ઝાખરાં હટાવી દિવાળીના તહેવારોમાં સાફ સફાઈ કરી દેવાતા સ્થાનિકો પણ આ કાર્યને બિરદાવી રહ્યા છે.

આઈ લવ
માય ગાંધીનગર

જુગલ મકવાણા
ડાન્સર

ગાંધીનગર ગમે
રહેવા માટે એકદમ અનુકૂળ અને રમણીય શહેર હોવા ઉપરાંત આંતરરાષ્ટ્રીય કક્ષાના અભ્યાસ ને રોજગારની તકો અહીં હોવાને કારણે પણ ગાંધીનગર ગમે છે.

નગરજનો
શિક્ષિત, સ્ટેટ ફોરવર્ડ ને સજ્જન.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે
અનેક પ્રકારની સંસ્થાઓ અનેક પ્રકારનાં કાર્યક્રમો શહેરમાં કરે છે. એ જ કારણે શહેર પ્રવૃત્તિઓથી ધમધમે છે. સૌને અભિનંદન ને પ્રણામ.

નગરને બહેતર બનાવવા
શહેરના પ્રત્યેક નાગરિકના દિલમાં 'આ નગર મારું છે' એવી ભાવના જન્માવી શકાય તો નગરને બહેતર બનાવી શકાય.

નગર માટે હું કરી શકું
રોજગારલક્ષી માર્ગદર્શન અને વ્યક્તિત્વ વિકાસના ઉપક્રમો માટે મારી સર્વ પ્રકારની સહાય નગરને પૂરી પાડવા માટે હું તૈયાર છું.

ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થીઓનો ચક્ષુદાનનો સંકલ્પ

રાંધેજા ગ્રામ વ્યવસ્થાપન વિભાગ ગૂજરાત વિદ્યાપીઠની રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો એમ.બી.એ. ગ્રામ વ્યવસ્થાપનના ૧૮ વિદ્યાર્થીઓએ જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર માટે મૃત્યુપરાંત પોતાના ચક્ષુદાનનો સંકલ્પ પત્ર ભરીને જીવનવિકાસ કેન્દ્ર પેથાપુર-ગાંધીનગર સંસ્થામાં આપ્યું હતું. જેથી દૃષ્ટિહીનોને ઈશ્વરે બનાવેલી આ સુંદર દુનિયા જોવાની તક મળી શકે. રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમ અધિકારી ડૉ. લોકેશ જૈને પણ પોતાનો સંકલ્પ પત્ર ભર્યો હતો. સંકલ્પ પત્ર ભરનાર વિદ્યાર્થીઓમાં ૫ બહેનો અને ૧૩ ભાઈઓ સામેલ છે. જ્ઞાત છે કે ૧૨મી ઓકટોબરે જીવન વિકાસ કેન્દ્ર દ્વારા દૃષ્ટિહીનો પ્રત્યે સંવેદના જાગૃત કરવા માટે ગાંધીનગરમાં આયોજિત રેલીમાં ૩૦ વિદ્યાર્થીઓએ ભાગ પણ લીધો હતો.

ઝુલેલાલ-સાંઈબાબા મંદિર ખાતે નૂતન વર્ષ અને અન્નકૂટ દર્શનનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૬

સેકટર-૩૦ ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે તા. ૨૦-૧૦-૨૦૧૭ શુક્રવાર 'નૂતન વર્ષ'ના દિવસે સાંઈબાબાની સવારી કાકડ આરતી ૪.૩૦ કલાકે થશે જયારે અન્નકૂટ દર્શનનો સમય સવારે ૬ થી ૧૨ કલાક સુધી રહેશે. સાંજના ધૂપ આરતી ૬.૩૦ કલાકે કરવામાં આવશે. લાભપાંચમ તા. ૨૫-૧૦-૨૦૧૭ બુધવાર સુધી મંદિરમાં આખો દિવસ દર્શનનો લાભ મળશે. સર્વે ધર્મપ્રેમીઓ અને જાહેર જનતા તથા સાંઈભકતોને આરતી સાથે અન્નકૂટ દર્શનનો નૂતન વર્ષના શુભ અવસરે લાભ લેવા પ્રમુખ સિંધી પંચાયત દ્વારા આમંત્રણ પાઠવવામાં આવે છે.

ચિલોડા પાસે ખખડધજ માર્ગનું પેવરકામ થયું

ચિલોડાથી નજીક ધણપ ગામ પાસે હાડપિંજર બનેલા માર્ગનું પેવરકામ હાથ ધરવામાં આવ્યું છે. ચોમાસા દરમિયાન ખખડધજ થઈ ગયેલા માર્ગ થકી અનેક નિર્દોષો મોતને ભેટી ચુકયા છે ત્યારે બબ્બે માસ સુધી માર્ગ સુધારણા હાથ ન ધરાતાં ધણપના ગ્રામજનોએ ચક્કાજામ કરી તંત્રનું ધ્યાન દોરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં જામમાં ફસાયેલા વાહનચાલકોએ પણ સમર્થન કર્યું હતું. નેશનલ હાઈવે નં. ૮ની અવદશાથી કંટાળેલા કેટલાક લોકોએ આ માર્ગે આવવાનું બંધ કરી દીધું હતું. તંત્ર એ ચક્કાજામથી સબક લઈ બીજા જ દિવસથી માર્ગનું સમારકામ હાથ ધરી દીધું હતું. જો કે છેક હિંમતનગર સુધી હાઈવેની સ્થિતિ ખખડધજ છે ત્યારે તંત્ર સત્વરે આ માર્ગને વાહન હંકારી શકાય તેવી સ્થિતિનો બનાવે તેવી માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડીના હોદેદારો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેરીજન સંસ્થા સેકટર-૭-ડીના વર્ષ ૨૦૧૭-૧૮થી ૨૦૨૦-૨૧ સુધીની નવી કાર્યવાહક સમિતિની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ છે.

પ્રમુખ-જયંત જી. ભટ્ટ, કાર્યકારી પ્રમુખ-ભૂપતભાઈ ભૂતડીયા, સલાહકાર-સુમંતભાઈ શાહ, ઉપપ્રમુખ-કાન્તિભાઈ પટેલ, કેશવગીરી ગોસ્વામી, મંત્રી-અનિલભાઈ જાની, પ્રકાશભાઈ પટેલ, સંગઠન મંત્રી-ભકિતભાઈ કારીયા, કોષાધ્યક્ષ-દિનેશભાઈ મોદી, કાયદા સલાહકાર-જગદીશભાઈ પટેલ અને સભ્ય તરીકે જીજ્ઞેશભાઈ જોષી, નટુભાઈ લાડાણી, પ્રકાશભાઈ મસંદ, મધુભાઈ દવે, મયુરભાઈ શાહ, પ્રણવભાઈ ત્રિવેદી, મહેશભાઈ રાવલ તથા સંજયભાઈ ભટ્ટની વરણી કરવામાં આવી છે.

નવી નોટો મેળવવા ગ્રાહકોના હવાતિયા

ગાંધીનગર, તા.૧૬

પ્રકાશ પર્વ દિવાળી જેવા મુખ્ય તહેવારે જ બેંકો દ્વારા ગ્રાહકોને ધરમધક્કા ખવડાવાઈ રહ્યા છે. નવીન નોટો મેળવવા ગ્રાહકો હાલ રીતસર હવાતિયા મારી રહ્યા છે. બોણી કે આર્શીવાદરૂપે નવીન નોટો આપવાની પરંપરાના ભાગરૂપે હાલ શહેરની દરેક બેંકોમાં ચલણની નવી નોટો આપવા આગ્રહ કરી રહ્યા છે પરંતુ બેંકો દ્વારા ઉપરથી જ નવીન નોટો આવી નથી તેમ કહી હાથ અધ્ધર કરી રહી છે. જો કે આર.બી.આઈ. પણ આ બાબતે કોઈ ફોડ પાડતી નથી અને મૌન જાળવી રહી છે અત્રે ઉલ્લેખનીય છે કે ગત વર્ષે નવીન નોટોની ધૂમ વહેંચણી કરવામાં આવી હતી જેનાથી સર્વત્ર ખુશાલી પ્રસરી હતી.

વર્ષ દરમિયાન ફકત દિવાળીના તહેવારમાં જ ગ્રાહકો દ્વારા બેંકમાંથી નવી નોટો મળે તેવો આગ્રહ રખાય છે. જો કે દર વર્ષે આર.બી.આઈ. આગોતરૂ આયોજન કરી નવી નોટો દરેકને

દિવાળી ટાણે જ બેંકોની નિતી-રિતીથી ગ્રાહકો નારાજ : આરબીઆઈનું પણ મૌન ગત વર્ષે નવીન નોટો ધુમ વહેંચાઈ હતી

ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરતી જ હોય છે. પરંતુ હવે જયારે ફકત એક જ દિવસ તહેવાર આડે બાકી રહ્યો છે છતાં બેંકોમાં નવી નોટો ઉપલબ્ધ ન હોવાનું જણાઈ રહ્યું છે. જે તે બેંકના ગ્રાહકો નવી નોટો માટે બેંક અધિકારી સમક્ષ કરગરતા નજરે પડી રહ્યા છે પરંતુ આર.બી.આઈ.ની નિતી-રિતી અને આગોતરા આયોજનના અભાવે ગ્રાહકોને નવી નોટોના રીતસર વલખાં થઈ ગયા છે. રૂ.૧૦૦, ૫૦૦, ૨૦, ૧૦ની નોટોના એક એક બંડલ પણ ગ્રાહકોને બેંકમાંથી ન મળતાં ગ્રાહકોમાં આક્રોશ ફેલાયો છે.

સરકારે ચલણમાં મુકેલી નવી જ ૫૦રૂ.ની કરન્સી અને ૨૦૦રૂ.ની કરન્સી તો કદાચ ગ્રાહકો માટે સ્વપ્ન સમાન બની છે પરંતુ હાલના ચલણમાં ઉપલબ્ધ એવી ચલણી નોટોના નવીન બંડલ મળી રહે તેવો ગ્રાહકો આશાવાદ રાખી રહ્યા છે. ગત વર્ષે મોબાઈલવાન ફરતી કરીને પરચુરણ તેમજ નવીન નોટો ગ્રાહકોને મળે તેવી વ્યવસ્થા હાથ ધરાઈ હતી જયારે ચાલુ વર્ષે બેંકોમાં જ નથી તેવા પ્રત્યુત્તર મળી રહ્યા છે. જેમાં નોટબંધીનું નવીન નોટોને ગ્રહણ લાગ્યું કે શું? તેવા સવાલ ઉભા થયા છે. આર.બી.આઈના ઉચ્ચ અધિકારીની આ બાબતે ગંભીર બેદરકારી હોવાની ચર્ચા પણ બેંકોમાં થઈ રહી છે.

ચિરવિદાય

- સ્વ. જોશી અમીતબેન નવીનચંદ્ર, ઉ.વ. ૩૯